### સરકારે ફરિયાદના નિકાલનું તંત્ર ગોઠવ્યું જ નથી

▪ ફરિયાદીને ન્યાય મળે તે માટે રાજ્ય સરકારે ઇરાદાપૂર્વક અસરકારક તંત્ર ગોઠવ્યું નથી. ફરિયાદ થયા બાદ કિસ્સાઓની યોગ્ય તપાસ થતી નથી. વળી આ કાયદા અંગે ઘણા લોકોને ગેરસમજ પ્રવર્તે છે.
**તૃપ્તીબહેન શાહ**, કર્મશીલ, સહિયર

# It is official now, wife beating is a punishable offence

**Press Trust of India**
New Delhi, October 25 2006

THE DOMESTIC Violence Act 2005 comes into effect from Thursday. The Act is meant to provide protection to the wife or the female live-in partner from violence at the hands of the husband or the male live-in partner or his relatives. The offender can be jailed or fined up to Rs 20,000.

Domestic violence under the Act includes abuse or the threat of abuse, be it physical, sexual, verbal, emotional or economic, said a statement from the Ministry of Women and Child Development, which issued a notification on Wednesday to bring the Act into force.

Harassment by way of unlawful dowry demands to the woman or her relatives will also be covered under this definition.

Renuka Chowdhury, minister of state for women and child



## It's for her sake

**Domestic violence** includes abuse — physical, sexual, verbal — or threat of abuse

**Offender** can be jailed up to a year or fined up to Rs 20,000, or both

in providing relief to women from domestic violence.

The ministry has also issued another notification laying down the rules framed for the implementation of the Act, which will provide for, among other things, appointment of protection officers, service providers and counsellors.

Besides physical violence of beating, slapping, hitting, kicking and pushing, the Act also covers sexual violence like forced intercourse, forcing the wife or partner to look at pornography and child sexual abuse.

It also includes verbal violence like insulting one's wife. Preventing one's wife from taking up a job or forcing her to leave job is also under the purview of the Act.

One of the most important features of the Act was a woman's right to secure housing, the statement said. A woman will have the right to

આંતરરાષ્ટ્રીય **ઘરેલુ હિંસા** વિરોધ દિન

# સ્ત્રીઓ માટે શક્તિરૂપ કાયદાના પાલનમાં અનેક અશક્તિ

## આજે 'વિશ્વ મહિલા હિંસા વિરોધ દિવસ'

**ઘરેલુ હિંસા અધિનિયમની જાગૃતિ વધી પણ સલામતી ઠેરની ઠેર**

**વહીવટી તંત્ર દ્વારા દાખવવામાં આવતી લાપરવાહી ચિંતાજનક**

### છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ફરિયાદમાં વધારો

| વર્ષ | સંખ્યા |
|---|---|
| 2007-08 | 21 |
| 2008-09 | 49 |
| 2009-10 | 71 |
| 2010-11 | 95 |

(ઓક્ટોબર-૧૫ સુધી)

કુણાલ પેઠ. વડોદરા

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૫મી નવેમ્બરને મહિલાઓ પર થતી હિંસાનો ખાતમો કરવાના આશયથી આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે 'ડીબી ગોલ્ડ' દ્વારા મહિલાઓ માટે આર્શીવાદરૂપ સાબિત થઈ રહેલાં ઘરેલુ હિંસા અધિનિયમ અંગે જાણકારી મેળવવામાં આવી હતી. છેલ્લાં ૪ વર્ષમાં કેસોની સંખ્યામાં પાંચ ગણો વધારો થયો છે. પરંતુ કાયદાના યોગ્ય પાલન માટે વિવિધ સરકારી તંત્રોમાં લાલીયાવાડી ચાલતી હોવાની વિગતો સપાટી પર આવી છે.

મહિલાઓ સામેની હિંસાને રોકવા છેલ્લા ચાર વર્ષથી અમલમાં આવેલા ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત શહેરની સમાજસુરક્ષા અધિકારીની કચેરીમાં છેલ્લાં ચાર વર્ષમાં નોંધાયેલા કેસની સંખ્યા પાંચ ગણી થઈ ગઈ છે. કેસોની વધતી સંખ્યા ઘરેલુ હિંસાથી પીડિત મહિલાને આ કાયદામાં વધી રહેલી શ્રદ્ધા બયાન કરે છે. જેમાં ફોજદારી ગુનામાં ૪૯૮ની કલમ અંતર્ગત ફરિયાદ કરીને નિરાશ થયેલી મહિલાઓની સંખ્યા મોટી છે. અધિનિયમ અંતર્ગતના આંકડા મહિલા જાગૃતિ પુરવાર કરે છે. આ આંકડાઓથી હાલ પૂરતું હરખાવા જેવું નથી. વહીવટી તંત્રોએ ઘણા સુધારા કરવા પડે તેમ છે.

સમાજસુરક્ષા અધિકારીની કચેરીઓમાં પાયાની ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ નથી. વડોદરાની કચેરીની વાત કરીએ તો જે જગ્યાએ કેસો નોંધાય છે ત્યાં મહિલાને તમામ લોકોની વચ્ચે પોતાની વાત કમને, ક્ષોભજનક સ્થિતિમાં મૂકવી પડે છે. આ માટે અલાયદી જગ્યાની ફાળવણી કરવી જોઈએ. ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત કેસની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે પણ આ સમયમર્યાદા જવલ્લે જ પળાતી હોય છે. તેમજ ફરિયાદી મહિલાની સલામતીની, તેના રહેણાકની કે તેને જરૂરી આર્થિક સહાયની વ્યવસ્થા માટે નક્કર આયોજન નથી.

ઘણા કિસ્સામાં એવું થતું હોય છે કે, નોટિસો બજાવ્યા બાદ પણ હિંસા કરનાર પક્ષ કોર્ટ સમક્ષ હાજર થતા નથી. આવા તબક્કે જો કચેરીમાં ઓછો સ્ટાફ હોય તો કેસો બિનજરૂરી ડિલે થતા હોય છે. આવા કિસ્સામાં વોરંટ બજાવીને આરોપીને હાજર કરવો જોઈએ. મોટાભાગની મહિલા ફરિયાદીઓ સામા પક્ષ હાજર ન થતાં મૂંઝાઈ જતી હોય છે.

### સંસાર પુનઃ મહેંકી ઊઠ્યો : અર્ચના પટેલ



ઘરેલુ હિંસાના કાયદાના કારણે પોતાના સંસારમાં સુગંધ પામેલાં સમા વિસ્તારના અર્ચનાબહેન પટેલે 'ડીબી ગોલ્ડ'ને જણાવ્યું હતું કે, મારા આર્મીમેન પતિને શરાબ પીવાની ટેવ હોવાથી તેઓ વારંવાર મારઝૂડ કરતાં હતાં. ૨૦૦૧માં પહેલીવાર કોર્ટ કેસ કર્યા બાદ જુદા જુદા ત્રણેક કેસ કર્યા અને તેમની ધરપકડ પણ કરાવી હતી. બાદ છેવટે ૨૦૦૮માં ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. સાસરિયાંના વિરોધ વચ્ચે પતિને પાટા પર લાવવા માટેની મારી લડતને આ ફરિયાદ કર્યા બાદ બમણું બળ મળ્યું હતું. મારા પતિએ આખરે ૨૦૦૯માં સમાધાન કરી લીધું અને જીવનમાં ક્યારેય શરાબ નહીં પીવાનું પાક્કું વચન આપ્યું હતું. જે આજદીન સુધી તેમણે પાળ્યું છે.' નિયમિતપણે સમાજસુરક્ષા કચેરીએ આવતી મહિલાઓ માર્ગદર્શન આપવાં પહોંચી જતાં અર્ચનાબહેને ઉમેર્યું હતું કે, ઘરેલુ હિંસા અંતર્ગત ફરિયાદ ન નોંધાવી હોત તો મારી લડત હજી કેટલાં વર્ષ ચાલતી એ હું કલ્પી શકતી નથી. પોતે શું કરવું છે તે સ્પષ્ટ કર્યા બાદ જાતને મજબૂત બનાવી, કાયદામાં શ્રદ્ધા રાખીને આગળ વધો તો ન્યાય ચોક્કસ મળે જ છે.

### સ્પેશિયલ કોર્ટ હોવી જોઈએ

ઘરેલુ હિંસા અધિનિયમની અસરકારકતા વધારવા સ્પેશિયલ કોર્ટ ઊભી કરવાની જરૂરિયાત છે. ફેમિલી કોર્ટ અંતર્ગત પણ આ અધિનિયમ અંતર્ગત આવતા કેસોને આવરી શકાય. જો આમ કરવામાં આવે તો હિંસા કરતા કે તેની સાથે સંકળાયેલા લોકોને આ અધિનિયમની અસરકારકતાની એક ધાક ચોક્કસપણે ઊભી થશે.

**હનીફ શેખ,** એડવોકેટ

### કાયદો સફળ પુરવાર થયો!

ઘરેલુ હિંસાથી પીડિત મહિલાઓ ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત વધુ ને વધુ ફરિયાદો નોંધાવી રહી છે. કેસોની સંખ્યા વધતાં વિભાગ દ્વારા વધુ અધિકારીઓની ભરતી પણ કરવામાં આવી છે. ચાલુ કેસોમાં પણ સારી કામગીરી કચેરી દ્વારા થઈ રહી છે.

**લક્ષ્મીકાંત પટેલ,** સમાજસુરક્ષા અધિકારી, વડોદરા

### કચેરી ૨૪ કલાક ધમધમે

ઘરેલુ હિંસા અધિનિયમ અંતર્ગત કાયદાની જે જોગવાઈઓ છે તેની ઝીણવટભરી બાબતો મહિલા સુધી પહોંચી નથી. દાખલા તરીકે કોઈ મહિલા પર હિંસાની નનામી જાણ પણ સમાજસુરક્ષા અધિકારીને કોઈ કરે તોપણ એ કેસની જાતતપાસ સામે ચાલીને કરવી જોઈએ.આ કચેરી ૨૪ કલાક ધમધમતી રહેતી હોવી જોઈએ, કારણ કે મહિલા પર ઘરેલુ હિંસા ક્યારેય થઈ શકે છે. આ ઉપરાંત ૧૦૮ જેવી જ સેવા આ કિસ્સાઓમાં હોવી જોઈએ. જેની માગણી પણ અમે કરી છે.

**તૃપ્તિબહેન શાહ,** સહિયર સ્ત્રી સંસ્થા

બુધવાર, તા.૧૮ મે, ૨૦૧૧

ભેંસાલમા સાસરિયાના ત્રાસથી

# ત્રણ માસના બાળકને બાથમાં લઈ માતા સળગી ગઈ

ગોધરા,તા.૧૭

શહેરા તાલુકાના ભેંસાલ ગામમાં રહેતી બાવીસ વર્ષની પરણીતા એ સાસરીયાનાં અને પતીનાં ત્રાસથી કંટાળી જઇ પોતાનાં શરીર ઉપર કેરોસીન છાંટી સળગી હતી. સળગતા- સળગતાં પરણીતાએ પોતાનાં ત્રણ માસનાં બાળકને પણ બાથમાં લઈ લેતાં બંન્નેના કરૂણ મોત થયા હતા.

## યુવાન માતા અને માસુમ બાળક બંનેના મોત : સાસરિયાઓ ઘર બંધ કરી ફરાર

શહેરા તાલુકાનાં મંગલીયાણા ગામનાં વતની ભીમસીંગભાઇ સુફરાભાઇ પટેલની દિકરી ગીતા (ઉ.૨૨) ના લગ્ન ૧૪ માસ અગાઉ ભેંસાલ ગામનાં કાંતીભાઇ પગીના દિકરાં વિનોદ સાથે થયા હતાં. વિનોદ અને ગીતાનાં શરૂઆતનાં લગ્નજીવનનાં સુખદ સંબંધોનાં પગલે ગીતાં ગર્ભવતી બનતાં તેની કુખે ત્રણ માસનાં બાળક દિપકે જન્મ્યો હતો. લગ્નગાળા દરમ્યાન વિનોદ તથા તેનાં માતા-પિતા અવારનવાર ગીતાને કોઈને કોઇ બાબતે ઝઘડો તકરાર કરી શારીરીક- માનસીક ત્રાસ આપતાં ગીતા પોતાની જીંદગીથી કંટાળી ગઇ હતી. વિનોદ તથા તેના માતા-પિતા ત્રણેય જણાં ગીતાબેન ત્રાસથી કંટાળી જઇ આપઘાત કરે તે હદ સુધી ત્રાસ આપતાં હતા. ગત તા.૧૫મીની રાત્રે ગીતાબેન અને વિનોદ વચ્ચે પીયરમાં જવાં બાબતે ઉગ્ર ઝઘડો થયો હતો. અને આવેશમાં આવી ગયેલી ગીતાબેને રાત્રે એકાદ વાગ્યાના અરસામાં આપઘાત કરી જીવનલીલા આટોપવાનાં ઈરાદે શરીર પર કેરોસીન છાંટી દિવાસળી ચાંપતાં ઘરમાં ભયંકર જવાળાઓ ઉઠી હતી. સળગતાં સળગતાં ગીતાબેને નજીકમાં પડેલું તેનાં ત્રણ માસનાં બાળક દિપકને બાથમાં લઈ લેતાં દિપક પણ શરીરે ગંભીર રીતે દાઝ્યો હતો. આજબાજુનાં લોકો દોડી આવી બંન્નેને સારવાર માટે ખસેડ્યા હતાં. જયાં બંન્નેનાં કરૂણ મોત થયા હતા. બનાવ અંગે ગીતાનાં પિતાં ભીમસીંગભાઈ પટેલે શહેરા પોલીસને જાણ કરતાં પોલીસે પોતાનાં બાળકને લઈને અગ્નીસ્નાન કરનારી માતા વિરૂધ્ધ ખૂનનો ગુનો દાખલ કરી તથા તેનાં સાસરીયા ઓ વિરૂધ્ધ શારીરીક માનસીંક ત્રાસ તથા દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

શનિવાર, તા.૨૨ ઓક્ટોબર, ૨૦૧૧

શંકાશીલ પતિના દુષ્કૃત્યે યુવતીનો ભોગ લીધો

# પતિ દ્વારા જાહેરમાં પત્નીના ચહેરા પર એસીડ રેડી હત્યા

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શુક્રવાર

હરણી - વારસીયા રીંગરોડ પર બસસ્ટેન્ડ પાસે જાહેરમાં પતિએ પત્નીને બોલાવી તેના ચહેરા પર એસિડ રેડી સળગાવી દીધી હતી. આખા શરીરે ઠેકઠેકાણે દાઝેલી પરણીતાનું સારવાર દરમ્યાન ખાનગી હોસ્પિટલમાં માત નીપજ્યું હતું. દરમ્યાન જાહેરમાં એસિડ રેડી પત્નીનું મોત નીપજાવનાર યુવકન લોકોએ પકડી લઈ ઢોરમાર મારી હોસ્પિટલ ભેગો કરી દીધો હતો. બનાવને પગલે સીટી પોલીસે યુવક વિરૂધ્ધ ખુનનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## હરણી રોડ પર જાહેરમાં હિચકારો બનાવ : લોકોએ યુવકને પકડી માર માર્યો : પત્નીએ હોસ્પિટલમાં દમ તોડ્યો

અત્રે વાઘોડિયા રોડ પર પરિવાર ચાર રસ્તા પાસેની શિવવાટિકા સોસાયટીમાં રહેતો ૩૫ વર્ષીય વિરેન ભૂપેન્દ્ર સોની પેટ્રોલપંપ પર નોકરી કરે છે. તેના લગ્ન છ વર્ષ અગાઉ જીગીષા સાથે થયા હતા. ૩૦ વર્ષીય જીગીષા અને વિરેન વચ્ચે અનેકવાર ઝઘડા થયા કરતા હતા. અગાઉ જીગીષા વારંવાર ઝઘડી તેના પિયરે ચાલી જતી હતી. સ્વરૂપવાન જીગીષા એક માસથી હરણી વારસીયા રીંગરોડ પર બ્યુટીપાર્લરમાં નોકરીયે જોડાઈ હતી.

આજે સવારે જીગીષાનો શંકાશીલ પતિ વિરેને તેને ફોન કરી બ્યુટીપાર્લર સામેના બસસ્ટેન્ડ પર બોલાવી હતી. વિરેનના પ્લાનથી બેખબર જીગીષા રોડ ક્રોસ કરીને વિરેન પાસે જતી હતી.

દરમ્યાન વિરેને તેની પાસેની એસિડ ભરેલી બોટલ જાહેરમાં કોલી અંદરનો એસિડ સીધો જીગીષાના ચહેરા પર રેડી દીધો હતો. આ જોઈ લોકો દોડી ગયા હતા અને વિરેનને પકડી ઢોરમાર માર્યો હતો. જ્યારે જીગીષાને ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં તેનું ટુંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું. જીગીષાના મોતના પગલે સીટી પોલીસે વિરેન વિરૂધ્ધ ખૂનનો ગુનો નોંધી તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

દિવ્ય ભાસ્કર

## યુક્તા મુખીએ પતિ પ્રિન્સ વિરુદ્ધ ઘરેલું હિંસાની ફરિયાદ નોંધાવી

મુંબઈ.ભૂતપૂર્વ મિસ વર્લ્ડ યુક્તા મુખીએ ઘરેલું હિંસાને મામલે પતિ પ્રિન્સ તુલી વિરુદ્ધ ગુરુવારે અંધેરીના અંબોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પતિ એક યા બીજા કારણસર વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપે છે, એવી ફરિયાદ યુક્તાએ ગુરુવારે નોંધાવી હતી. અમે આ અંગે પ્રિન્સ તુલી વિરુદ્ધ બિનદખલપાત્ર ગુનો દાખલ કર્યો છે.

### કરોડીયાના જલારામનગરમાં

## લગ્નના છ માસમાં ફાંસો ખાઈ લેનાર યુવતીના સાસરીયા સામે ફરિયાદ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

બાજવા તરફથના કરોડીયા રોડ વિસ્તારના જલારામ નગરમાં છ એક માસ પહેલા જ લગ્ન કરનાર એક યુવતીએ પતિ, સાસુ અને સસરાના ત્રાસથી કંટાળી જઈ ફાંસો ખાઈ લેતા જવાહરનગર પોલીસે સાસરીયા સામેગુનો દાખલ કરી ધરપકડ કરી છે.

### દહેજ માટે ત્રાસ ગુજારનાર પતિ, સાસુ અને સસરાની ધરપકડ

કરોડીયા રોડના જલારામ નગર -૧માં રહેતા મનોજ વિલાસભાઈ બાગુલ સાથે છ એક માસ પહેલા લગ્ન કરનાર જ્યોતિના પિતા શાંતારામ જાધવ રહે. દેવ નગર, વાસણા રોડએ તેની પુત્રીએ સાસરીયાના ત્રાસથી કંટાળીને જીવન ટુંકાવ્યું હોવાની ફરિયાદ નોંધાવી હતી.

ગઈકાલે સવારે અગિયારેક વાગ્યાના અરસામાં જ્યોતિએ પોતાની સાસરીમાં ફાંસો ખાઈ લીધો હતો. સાસરીઓ દ્વારા દહેજની માંગણી કરી યુવતીને તારા બાપના રહેવાના ઠેકાણા નથી. તેમ કરી મ્હેણાં ટોણા મારવામાં આવતા હોઈ તેણે જીવન ટુંકાવી લીધુ હતુ.

શાંતારામ જાધવની ફરિયાદને આધારે જવાહરનગર પોલીસે જ્યોતિના પતિ મનોજ બાગલુ, સસરા વિલાસ ભગવાનભાઈ બાગુલ અને સાસુ આશા સામે આત્મહત્યા માટે મજબુર કરવા બદલ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી હતી.

### વડોદરા

## ગાંધી બેકરીના સંચાલક પરિવાર સામે પુત્રવધુને ત્રાસની ફરિયાદ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,બુધવાર

ગાંધી બેકરીના સંચાલક અને પરિવાર દ્વારા પુત્રવધુને દહેજ લાવવા માટે દબાણ કરી ત્રાસ ગુજારવામાં આવ્યો હોવાની તથા પરસ્ત્રી સાથે આડા સંબંધની અને દારૂ પીવાની ના પાડવા બદલ પરિણીતાને છુટાછેડા માટે દબાણ કરી ધમકીઓ આપવામાં આવી હોવાની ફરિયાદના આધારે ફતેગંજ પોલીસે સાસરિયાઓની ધરપપકડ કરી હતી. માસિક પાંચ લાખ, વૈભવી મકાન ગાડીની માંગણી કરતો ૬૦ લાખનો દાવો પણ પરિણીતાએ કોર્ટમાં કર્યો છે.

### મારઝુડ અને ધમકીની ફરિયાદ કરતા સાસરીયાંની ધરપકડ : ૬૦ લાખનું ભરણપોષણ માગતો દાવો

આ અંગેની વિગત એવી છે કે અમદાવાદ કુબેરનગર નવદુર્ગા સોસાયટીમાં રહેતી પુજા ઉર્ફે કરિશ્માના લગ્ન સુશીલ રમેશભાઈ થદાણી (રહે. વાસ્તુ નિકેતન બંગલો શિવમ પાર્ટી પ્લોટની પાછળ સમા-સાવલી રોડ) સાથે જાન્યુઆરી ૨૦૦૦માં થયા હતા. કરિયાવરમાં પુજા ઉર્ફે કરિશ્માને ૯૦ થી ૯૫ તોલાના દાગીના તથા પાંચ લાખ રોકડા આપવામાં આવ્યા હતા. પુત્રના જન્મ પછી જીયાણામાં તમામ વ્યવહાર થયો હોવા છતાંય સાસરી પક્ષ દ્વારા શારીરિક માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. તેમના દ્વારા મરી જવા માટે ઉશ્કેરણી થતી હોઈ પુજાએ વધુ પડતી ઘેનની ગોળીઓ પણ ખાઈ લીધી હતી. જેથી પુજાને હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. ત્યારબાદ પુજા અને સુશીલ થદાણી કારેલીબાગ આમ્રપાલી કોમ્પલેક્ષમાં રહેવા આવ્યા હતા.

ત્યારબાદ પણ નાણાની માંગણી ચાલુ રહેતા સાસરીવાળાઓ દર દાગીના વેચી ૧૫ લાખ રૂપિયા સુશીલ થદાણીને આપેલા જે અંગે તેને પ્રોમેસરી નોટ પણ લખી આપી હતી. સુશીલને દારૂ પીવાની તથા અન્ય છોકરી સાથે સબંધ રાખવાની ના પાડતા પત્ની પર વધુ ત્રાસ ગુજારવાનું શરૂ થયુ હતું, અને છુટાછેડા ન આપે તો જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યુ હતું. જેથી પુજા પિયરમાં જતી રહી હતી. ઉપરોક્ત ફરિયાદ પુજા ઉર્ફે કરિશ્માએ પતિ સુશીલ રમેશલાલ થદાણી, સાસુ સુલોચનાબેન, સસરા રમેશલાલ દિયેર (તમામ રહે. વાસ્તુનિકેતન બંગલો શીવમ પાર્ટી પ્લોટની પાછળ સમા-સાવલી રોડ) વિરૂધ્ધ અમદાવાદમાં નોધાવતા તે ફરિયાદ ટ્રાન્સફર થઈ આવતા ફતેગંજ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. જેમનો શરતી જામીન પર છુટકારો થયો હતો. દરમિયાન પુજાએ પતિ પાસેથી ભરણપોષણ મેળવવા કોર્ટમાં દાવો કર્યો છે. જેમાં જણાવ્યુ છ કે સુશીલ થદાણી મીતેશ ફુડ પ્રોડકટ પ્રા.લિ. તથા ગાંધી બેકરીઝ નામની ૧૩ થી ૧૪ બેકરીઓની શાખા ધરાવે છે અને તેમની માસિક આવક ૧૫ થી ૨૦ લાખની છે. જેથી માસિક પાંચ લાખ તથા અન્ય સુવિધાઓનો ખર્ચ મેળવવાની માંગણી કરી છે.

## પત્નીપીડિત પતિનો ગાંધીનગર કોર્ટમાં આત્મહત્યાનો પ્રયાસ

ભાસ્કર ન્યૂઝ . ગાંધીનગર

'સાહેબ, કંટાળી ગયો છું. આવી જિંદગી કરતાં તો મરી જવું સારું... વર્ષોથી કોર્ટના ધક્કા ખાઈ ખાઈને મારી નોકરી છૂટી ગઈ છે.પત્ની કમાતી હોવા છતાં ભરણપોષણ માગે છે. હું રાખવા માગું છું, પરંતુ એ આવતી નથી અને મને અને મારાં બાળકોને હેરાન કરે છે.' હતાશાભર્યા આ શબ્દો છે, એક પત્નીપીડિત પતિના. ગાંધીનગરની કોર્ટમાં ગુરુવારે અમદાવાદના પીડિત આધેડે ત્રીજા માળેથી પડતું મૂકવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, લોકોએ તેને પકડીને પોલીસને હવાલે કર્યો હતો.

અમદાવાદના અમરાઈવાડીના ખોડીદાસ મકવાણા ગુરુવારે બપોરે ગાંધીનગર કોર્ટમાં આત્મહત્યા કરવા આવ્યા હતા. ખોડીદાસનાં લગ્ન ૨૦ વર્ષ પહેલાં પેથાપુરનાં કલાબહેન લેઉઆ સાથે થયાં હતાં. ગાંધીનગરની કોર્ટમાં ઘરેલુ હિંસા અને ભરણપોષણના દાવાની સુનાવણી ચાલી રહી છે.તેમની પત્ની અમદાવાદમાં હીરાના કારખાનામાં મેનેજર હોવા છતાં મારી પાસે ભરણપોષણ માટે રૂપિયા માગે છે.

## પતિ, સાસુ, જેઠના ત્રાસથી કંટાળી યુવતીની આત્મહત્યા

વડોદરા,રવિવાર

છોટાઉદેપુર તાલુકાના ગુંગાવાડા ગામે ૩૨ વર્ષની પરિણિતા ટીનકીબેને પતિ ધાનકા કાગડીયા રાઠવા સાસુ સોનકીબેન અને જેઠ રંગલાનાં શારીરિક - માનસિક ત્રાસથી કંટાળી જઈ ગળે ફાંસો ખાઈ આત્મહત્યામાં કરી હતી. આ અંગે છોટાઉદેપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

1 March 2010



# 'Woman can invoke Domestic Violence Act against brothers'

**New Delhi:** A woman, who is living with her brothers, can take refuge under the Domestic Violence Act in case of any harassment to her, a Delhi court has said.

"It emerges that when an aggrieved person lives or at any stage has been in domestic relationship with the respondents and has been subjected to any domestic violence, the Protection of Women from Domestic Violence Act 2005 is applicable," Additional Sessions Judge Shalinder Kaur said.

The court said that the welfare legislation could be invoked by a woman even against those with whom she had lived at any point of time.

It passed the observation while allowing a plea of widow, whose petition seeking relief under the Act against her brothers was dismissed by a metropolitan magistrate saying that there was no domestic relationship between her and her brothers.

She submitted that she was living with her brothers and alleged that they have forged her signatures in an effort to dislodge her from their ancestral property at Karol Bagh here.

The court, while granting relief to the woman, also took into consideration a report of the Protection Officer, appointed under the Act to look into the complaint of the aggrieved, stating, it emerges that appellant is being subjected to abuses and harassment at the hands of respondents (brothers). PTI

20 August 2011 [Time of India]

# '35% women face violence'

**New Delhi:** Over 35 per cent of all women and 40 per cent of married women experienced physical or sexual forms of violence and the figures were higher in rural areas, the Lok Sabha was informed on Friday.

"The National Family Health Survey III (2005-06) data shows that in the 15-49 age group, 35.4 per cent of all women and 40 per cent of married women experienced physical or sexual violence," women and child development minister Krishna Tirath said during Question Hour. She said 6.7 per cent experienced both physical and sexual forms of domestic violence. Tirath said the data suggests that both physical and sexual forms of domestic violence against women are higher in rural areas as compared to the urban areas.

Domestic violence defined under Protection of Women from Domestic Violence Act, 2005 covers physical, sexual, verbal, emotional and economic abuse.

As per the National Crime Records Bureau (NCRB) data, a total of 5,788 were registered under the Act in 2007, 5,643 cases in 2008 and 7,802 in 2009, Tirath said.

She claimed that protection officers (POs) had been appointed in every state except Jammu and Kashmir (where the Act is not applicable) and her ministry held regular meetings with state governments to ensure that this system was functioning efficiently.

The Domestic Violence Act, 2005 is implemented by states and Union territories.

"Under the Act, state governments are required to appoint protection officers in each district as they may consider necessary," she said. Maharashtra has the highest number of 3,910 protection officers followed by Rajasthan (574), Madhya Pradesh (368) and Himachal Pradesh (366). PTI

Domestic violence Against men cases are also found.

# દાંડીયાત્રાએ નીકળેલા પત્ની પીડિત પતિઓનું આગમન



## બેનર, પોસ્ટર, પત્રિકાઓ સાથે સમાજને જાગૃત કરવા પ્રયાસ કરાશે

ભાસ્કર ન્યૂઝ. વડોદરા

અખિલ ભારતીય પત્ની અત્યાચાર વિરોધી સંઘ દ્વારા પત્નીથી દુ:ખી થયેલા પતિઓ સાથે દાંડીકૂચ કરવામાં આવી છે. અમદાવાદથી આરંભવામાં આવેલ આ દાંડીકૂચ યાત્રા મહેમદાવાદ, નડિયાદ, આણંદ થઈને વડોદરા આવી પહોંચી છે.

સમાન હક્ક માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા રૂા. એક લાખ દંડના વિરોધમાં અમદાવાદથી નીકળેલી આ યાત્રા વડોદરા આવી છે. દાંડીકૂચમાં હાલમાં ૩૭ જેટલા પત્નીપીડિત પુરુષો ઉપરાંત ૭ જેટલી મહિલાઓ પણ જોડાઈ છે. આ અંગે માહિતી આપતાં અખિલ ભારતીય

**ઠેરના ઠેર** | ઘરેલુ હિંસા રોકવામાં સમાજ સુરક્ષા ખાતું કાચું પડે છે ફરિયાદો વધે છે પણ ઉકેલ જડતો નથી

14/05/10

# ફરિયાદોનો જમેલો, ઉકેલ જામેલો

**સરકારે ઘરેલુ હિંસાની રોકથામ માટે કાયદો તો બનાવ્યો છે પણ અસરકારક અમલની ચિંતા કરી નથી છેલ્લાં ત્રણ વર્ષમાં માંડ ૨૩ ટકા મહિલાને જ ન્યાય મળ્યો છે**

કુણાલ પેઠે. વડોદરા

મહિલાઓને તેમના પતિથી, સાસરિયાં અને ઘરનાં અન્ય સભ્યોથી થતી હેરાનગતિનો શિકાર થતો અટકાવી તેને હિંસામુક્ત જીવનનો હક આપવામાં આવે તે માટે ૨૦૦૭-૦૮માં ઘરેલુ હિંસા અધિનિયમનો કાયદો અમલમાં મૂક્યો છે પણ તેનો અસરકારક અમલ કરવામાં સરકારનુંસમાજ સુરક્ષા ખાતું ઊણું ઊતર્યું હોય તેવું લાગે છે. છેલ્લાં ત્રણ વર્ષમાં કચેરી ખાતે કુલ ૧૪૨ ફરિયાદ નોંધાઈ છે પણ નિકાલ માંડ ૩૪ ફરિયાદોનો જ આવ્યો છે. વડોદરાની સમાજ સુરક્ષા વિભાગની કચેરી ખાતે ઘરેલુ હિંસાનો કાયદો અમલમાં આવ્યો તે વર્ષની ૪૩ ટકા ફરિયાદોનો નિકાલ અને તેના બીજા વર્ષે ૨૮ ટકા ફરિયાદોનો નિકાલ કરાયો છે. જ્યારે ત્રીજા વર્ષની ફરિયાદો તો માંડ ૧૫ ટકા જેટલી જ નિકાલ કે સમાધાનના પડાવે પહોંચી છે. ત્રણેય વર્ષના કિસ્સાની ટકાવારી માંડીએ તો મહિલાઓએ કરેલી ફરિયાદમાંથી ૨૩ ટકાને જ ઘરેલુ હિંસા સામે ન્યાય મળ્યો છે.

આખરે મહિલાઓને ઘરેલુ હિંસાના કિસ્સાઓમાં ન્યાય શા માટે મુશ્કેલ બની રહ્યો છે?... હાલમાં વડોદરા સમાજ સુરક્ષા વિભાગની કચેરીમાં કામ કરતાં કર્મચારીઓ એકસાથે અનેક જવાબદારી નિભાવી રહ્યાં છે. આ કાયદાના નિયમ પ્રમાણે ફરિયાદના કિસ્સામાં પ્રોટેકશન ઓફિસરની પોસ્ટ જુદી હોવી જોઈએ. પણ કચેરીમાં સમાજ સુરક્ષા અધિકારી જ પ્રોટેકશન ઓફિસર તરીકે કાર્યરત છે. જ્યારે અન્ય એક ઓફિસર દહેજ પ્રતિબંધક અધિકારી તરીકે કામ કરે છે. સ્ત્રી સંગઠન 'સહિયર'નાં તૃપ્તિબહેન શાહ કહે છે કે, 'ઘરેલુ હિંસાના કાયદાની કામગીરી માટે સ્ટાફને અલાયદી તાલીમ મળી નથી. વળી, મહિલા ફરિયાદી કે અન્યોને કાઉન્સેલિંગ જેવી બાબત માટે કાયદાના પ્રાવધાનમાં છે તેમ આ કામ અન્ય સ્ત્રી સંગઠનો કે જે આ કામગીરી કરવાને લાયક હોય તેમને આપવાની હોય છે પણ વડોદરામાંથી જ નહીં, રાજ્યમાંથી પણ સમ ખાવા પૂરતી એક પણ સંસ્થાને મહિલા અને બાળવિકાસ મંત્રાલયે આ કામગીરી માટે યોગ્ય સમજી નથી.' વડોદરાની કેટલીક સંસ્થાઓએ આ કામગીરી માટેની પહેલ માટે કરેલી અરજી આજે પણ ધૂળ ખાતી પડી છે. ઘરેલુ હિંસાના કાયદની જાગૃતિ ફેલાય તે માટે એક એવો હેલ્પલાઈન નંબર આપવો જોઈએ જેથી પીડિત મહિલાને ન્યાય મેળવવા ફોન કરવાની કે એક સ્થળેથી બીજા સ્થળે દોડધામ કરવી ન પડે.

**સમાજ સુરક્ષા વિભાગમાં કર્મચારીઓ એક સાથે વધુ જવાબદારીઓ નિભાવતા હોવાથી કામગીરી પર અસર**



**મુસ્લિમ મહિલાઓમાં જાગૃતિ આવી છે**

પહેલા વર્ષે વડોદરાની સમાજ સુરક્ષા કચેરી ખાતે આ કાયદા અંતર્ગત માંડ એક ફરિયાદ મુસ્લિમ બહેન તરફથી નોંધાઈ હતી. પણ ત્યાર પછી ૨૦૦૮-૦૯માં ૬ અને ૨૦૦૯-૧૦માં ૯ ફરિયાદ નોંધાઈ છે.

મુસ્લિમ મહિલાઓની ફરિયાદમાં થતો વધારો

| વર્ષ | ફરિયાદ |
|---|---|
| 2007-08 | 01 |
| 2008-09 | 06 |
| 2009-10 | 09 |

ઘરેલુ હિંસાની ફરિયાદમાં **338%** નો વધારો

નિકાલની ટકાવારી માંડ **24%** ટકા

ઘરેલુ ફરિયાદોનો ગ્રાફ

| વર્ષ | ફરિયાદ | પ્રતિ સામે | અન્યો સામે | નિકાલ |
|---|---|---|---|---|
| 2007-08 | 21 | 19 | 02 | 09 |
| 2008-09 | 49 | 47 | 02 | 14 |
| 2009-10 | 72 | 67 | 05 | 11 |



કચેરીમાં છેલ્લા બે મહિના દરમિયાન અધિકારીઓ અને ક્લાર્કની ભરતી કરાઈ છે. ગૌણસેવા મંડળ દ્વારા ઇન્ટરવ્યૂ લેવાઈ ગયા હોવાથી દહેજ પ્રતિબંધક અધિકારીની નિમણૂક થશે. ઓફિસમાં વધારાની જગ્યા માટે કલેકટરને અરજી કરાઈ છે.

## ઘરેલુ હિંસા એટલે શું?

- શારીરિક હિંસા
- જાતીય હિંસા
- શાબ્દિક રીતે, માનસિક અથવા ભાવનાત્મક હિંસા
- આર્થિક હિંસા

## કાયદા હેઠળ મળી રાહત

- રક્ષણ આદેશ
- સ્ત્રીને ઘરમાંથી બહાર કાઢી ન મૂકવાનો કે વૈકલ્પિક રહેઠાણનો આદેશ
- નાણાકીય રાહત
- સ્ત્રીનો તેના બાળક સુધી પહોંચવાનો સલામત માર્ગ
- ઘર અને કામ કરવાના સ્થળે હિંસા અટકાવવા માટે મનાઈ હુકમ અને નિયંત્રણ

## ૬૦ દિવસમાં નિકાલ જરૂરી છે પણ..!

**ઘરેલુ હિંસાના** કાયદામાં ફરિયાદ દાખલ થયાના ૬૦ દિવસમાં કેસનો નિકાલ થાય તેવું પ્રાવધાન છે પણ આ સમયમર્યાદામાં માંડ ૧૫ ટકા કેસોનો નિકાલ થાય છે.

## કેવી રીતે દાખલ કરાય છે ફરિયાદ?

**ફરિયાદી** રજૂઆત કરે પછી પ્રોટેકશન ઓફિસર ફરિયાદ દાખલ કરે છે. પછી સમન્સ વડે સામાવાળાને બોલાવી સમાધાન માટે સમજાવવામાં આવે છે. સમાધાનની ટકાવારી ઓછી હોય છે.

# The virtual face of violence

## Most victims don't know that they can book former husbands under the Domestic Violence Act for creating fake profiles on social networking sites

Janavi R Iyer | TNN

**Ahmedabad:** Hetal and Hitesh got divorced with mutual consent after a three-year-long marriage. Hetal was all set to go abroad and start afresh, when she started receiving obscene calls asking her out.

A few days later, she discovered a fake profile in her name with her intimate pictures, phone numbers and explicit material on various social networking sites. Devastated, she is currently undergoing counselling, even as the culprit is at large.

What many women like Hetal don't know is that such cyber crimes are covered under the Protection Of Women From Domestic Violence Act,

### CYBER CRIME

2005. NGOs are trying to create awareness on this issue. While Domestic Violence Week ended only on November 30, NGOs in the state are extended it till December 10 where it will coincide World Human Rights Day.

Many women consider only a beating as domestic violence. But, the ever-expanding world wide web, which is becoming the playground of many



lovelorn, vindictive men, too is covered under the Act.

"We receive applications from almost three women every month," says assistant commissioner of police, Usha Rada. She adds, "However, most women prefer to be silent victims and end their cyber existence by closing their internet accounts."

From posting phone numbers to personal photographs, numerous tool are used to victimize women in cyber space. Says cyber expert Sunny Vaghela, "Three in 10 women net surfers become victims of impersonation and cyber stalking. We receive many cases officially and unofficially."

Shedding light on the Act, Rustam Marshal, a senior advocate says, "The purview of the 2005 Act is not just physical violence. It also counts emotional abuse, psychological, verbal, economic and sexual abuse. Cyber violence that humiliates or degrades a woman's integrity is sexual violence according to the Act. All crimes in the Act are non-bailable."

Recalls Sharvari Joshi, an interior designer who was in live-in relationship, "It was horrifying when soon after my break-up, friends told me that my picture and details, clubbed with web links of obscene websites, had been uploaded. To add to my horror, friendship requests from the fake profile had been sent to some of my family members. I did not go to office for a week."

Explains Vaghela, "Most of these cases go unreported as girls are too embarrassed. Even if they approach the police, they file an application. For a man, it has become an easy mode to dishonour a woman."

## પત્ની ઉપર બેન્ક અધિકારી પતિનો અત્યાચાર

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, શનિવાર

અકોટા ઉર્મીચાર રસ્તા નજીક વીમલ એપાર્ટમેન્ટમાં રહેતા લતાબેને બરોડા બેંકમાં ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતા પતિ કિશનસીંગ બિસ્ટ સામે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યુ હતું કે નજીવી બાબતમાં તકરાર કરી પતિ તેઓની ઉપર અત્યાચાર ગુજારી રહ્યા છે. ગઈકાલે પણ તેમણે આ રીતે ત્રાસ આપતા પોલીસને જાણ કરી હતી.

## 'બોડીગાર્ડ' ફિલ્મ બતાવવાની પતિએ ના પાડતા પત્નીએ ઝેર પી લીધું

અમદાવાદ, શુક્રવાર

ટૂંક સમય અગાઉ જ રીલીઝ થયેલી સલમાન ખાનની ફિલ્મ 'બોડીગાર્ડ'જોવા થીયેટરમાં લઇ જવાની પતિએ ના પાડતા આવેશમાં આવી પત્નીએ મચ્છર મારવાની ઝેરી દવા ગટગટાવી લેતા અરેરાટી વ્યાપી ગઇ છે. એક વર્ષના પુત્રની માતાએ ઝેર ગટગટાવ્યાની જાણ બે કલાક બાદ પરિવારને થતા તેને નજીકની ખાનગી હોસ્પિટલ ખસેડાઇ હતી, જ્યાં પોલીસે આ અંગેની નોંધ લઇ તપાસ હાથ ધરી.

તપાસ કરી રહેલા નરોડાના પી.એસ.આઇ એમ.જે રાઠોડના જણાવ્યા અનુસાર, નરોડાના કઠવાડા રોડ પર આવેલી મુરલીધર સોસાયટીમાં રહેતા અમીતભાઇ પરીખ એક ખાનગી કંપનીમાં નોકરી કરી ઘરનું ગુજરાન ચલાવે છે. સંયુક્ત પરિવારમાં રહેતા અમીતભાઇના લગ્ન પાંચ વર્ષ અગાઉ અંજના સાથે થયા હતા. સુખી દાંપત્ય જીવન દરમિયાન તેમને એક વર્ષનો દેવ નામનો દિકરો પણ છે.

બે દિવસ અગાઉ અંજનાબેને પતિ અમીતભાઇને ફિલ્મ બોડીગાર્ડ જોવા થીયેટરમાં લઇ જવા કહ્યું હતુ. પરંતુ કોઇ કારણોસર અમીતભાઇએ ના પાડ્યા બાદ બે દિવસ સુધી અંજનાબેને ફિલ્મ જોવાની જીદ ચાલુ રાખી હતી. પતિની ધરાર ના ને પગલે અંજનાબેન આવેશમાં આવી ગયા હતા અને બુધવારે સવારે ૧૦ વાગ્યે ઘરમાં પડેલી મચ્છર મારવાની દવા ગટગટાવી લીધી હતી. બે કલાક બાદ અંજનાબેનને ચક્કર અને ઉલ્ટી થતા પરિવારનાં સભ્યો તેમને હોસ્પિટલ લઇ ગયા હતા, જ્યાં તેમણે ઝેરી દવા ગટગટાવી લીધુ હોવાનું કબુલતા તાત્કાલીક સૌજપુરની એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. હાલ અંજનાબેનની તબીયત સુધારા પર હોવાનું પોલીસ સુત્રોએ ઉમેર્યું હતુ.

## પત્ની ઉપર બેન્ક અધિકારી પતિનો અત્યાચાર

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા, શનિવાર

શહેરના ઉમિયાર સ્ત... નજીક [illegible] એપાર્ટમેન્ટમાં રહેતા શ્રી [illegible] બેન્કમાં [illegible] મેનેજર તરીકે ફરજ બજાવતા પતિ કિશનસિંહ મિશ્રા [illegible] તેમને ત્રાસ [illegible] પરિવારના જણાવ્યું હતું કે નજીવી બાબતમાં તકરાર કરી પતિ તેમની ઉપર અત્યાચાર ગુજારી રહ્યા છે. ગઈકાલે પણ તેમણે આ [illegible] અંગે પોલીસને જાણ કરી હતી.

## 'બોડીગાર્ડ' ફિલ્મ બતાવવાની પતિએ ના પાડતા પત્નીએ ઝેર પી લીધું

અમદાવાદ, શુક્રવાર

ટૂંક સમય પહેલાં જ રીલીઝ થયેલી સલમાન ખાનની ફિલ્મ 'બોડીગાર્ડ' જોવા થીયેટરમાં લઈ જવાની પતિએ ના પાડતા આવેશમાં આવી પત્નીએ મચ્છર મારવાની દવા ગટગટાવી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. એક વર્ષના પુત્રની માતાએ ઝેર ગટગટાવ્યાની જાણ [illegible] બાદ પરિવારે થતા તેને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં પોલીસે આ અંગેની નોંધ લઈ તપાસ હાથ ધરી.

તપાસ કરી રહેલા નરોડાના પી.એસ.આઈ. એન.જે. [illegible] જણાવ્યા અનુસાર, નરોડા [illegible] રોડ પર આવેલી મુરલીધર સોસાયટીમાં રહેતા અમીતભાઈ [illegible] એક ખાનગી કંપનીમાં નોકરી કરી ઘરનું ગુજરાન ચલાવે છે. સંયુક્ત પરિવારમાં રહેતા અમીતભાઈના લગ્ન પાંચ વર્ષ અગાઉ અંજના સાથે થયા હતા. સુખી દાંપત્ય જીવન દરમિયાન તેમને એક વર્ષનો [illegible] દિકરો પણ છે.

બે દિવસ અગાઉ અંજનાબેને પતિ અમીતભાઈને ફિલ્મ બોડીગાર્ડ જોવા થીયેટરમાં લઈ જવા કહ્યું હતું. પરંતુ કોઈ કારણોસર અમીતભાઈએ ના પાડતા બાદ બે દિવસ સુધી અંજનાબેને ફિલ્મ જોવાની જીદ ચાલુ રાખી હતી. પતિની વારંવાર ના ને પગલે અંજનાબેન આવેશમાં આવી ગયા હતા અને બુધવારે સવારે ૧૦ વાગ્યે ઘરમાં પડેલી મચ્છર મારવાની દવા ગટગટાવી લીધી હતી. બે કલાક બાદ અંજનાબેનને ચક્કર અને ઉલ્ટી થતા પરિવારના સભ્યો તેમને હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તેમણે ઝેરી દવા ગટગટાવી લીધું હોવાનું ખુલતા તાત્કાલિક [illegible] એક ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. હાલ અંજનાબેનની તબીયત સુધારા પર હોવાનું પોલીસ સૂત્રોએ ઉમેર્યું હતું.

દિવ્ય ભાસ્કર
વડોદરા | મંગળવાર | ૧૫ જૂન, ૨૦૧૦
DB ગોલ્ડ

19 જૂન, 2010

### ડોમેસ્ટિક વાયોલન્સની ખોટી ફરિયાદોના દાનવને કારણે વ્યથિત પતિદેવો સાઇકિયાટ્રિસ્ટ પાસે સારવાર લઇ રહ્યા છે

# મનથી ભાંગીને કડડભૂસ્સ થતા ભરથાર



લગ્નજીવન ભાંગતાં મોટા ભાગના યુવકો ડિપ્રેશનનો ભોગ બની જતા હોય છે. અને તે પૈકીન કેટલાક યુવકો એકલતાના કારણે દારૂ અથવા તો સ્મોકિગ જેવી લતે પણ ચડી જાય છે

**પત્ની તરફથી મળતા ત્રાસને કારણે કેટલાક યુવકો તેઓનું અસ્તિત્વ ખતમ થઇ ગયું હોવાની હીન લાગણી અનુભવતા હોય છે**

DB ગોલ્ડ EXCLUSIVE

જન્મેજય ત્રિવેદી. વડોદરા

દાંમ્પત્યજીવનની વસંતને વૈશાખી વાયરો ભરખી જાય છે, ત્યારે પતિ - પત્નીનું જીવવું દુષ્કર બની જતું હોય છે. સાંપ્રત સામાજીક માળખું હૂંફને બદલે અહંકારને પ્રાધ્યાન્ય આપી રહ્યું હોય તેવું વાતાવરણ ઊભું થયું છે, ત્યારે પતિ - પત્ની નહીં જેવી બાબતોમાં પ્રેમના બંધનને છૂટું કરવામાં સ્હેજ પણ ખચકાટ અનુભવતાં નથી. તેમાં ઘણી વખત કાયદાનો ખોટો ઉપયોગ કરી પત્નીઓ દ્વારા પતિનું જીવન રફેદફે કરી નાંખવામાં કંઈ જ બાકી રાખતી નથી. પત્નીઓ પ્રત્યે સાહજીક સહાનુભૂતિ હોવાથી મોટે ભાગે આવા કિસ્સાઓમાં પતિને જ ગુનેગાર બનાવી દેવાતો હોય છે. આ સંજોગોમાં મોટે ભાગે અંગત જીવનના વાવાઝોડાંથી ભાંગી પડેલાં પુરુષની માનસિક તબિયત લથડી જાય છે. છેલ્લાં ઘણાં વર્ષોથી સાઈકિયાટ્રિકની સારવાર લેવા પહોંચી જતાં આવા ભરથારોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. ત્યારે શહેરના ૧૨ પત્ની પિડીત પતિદેવોએ એકઠાં થઇ લડી લેવાનો નિર્ણય કર્યો હોવાનું 'ડીબી ગોલ્ડ'ને જાણવા મળ્યું છે.

પતિ સહિતનાં સાસરીયાંઓ દ્વારા આપવામાં આવતાં ત્રાસથી કંટાળી ગયેલી મહિલા આત્મહત્યા કરી લે અથવા તો સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવે તેવા કિસ્સાઓ વડોદરા શહેરમાં રોજ સરેરાશ એક થી બે સામે આવે છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી પત્ની દ્વારા આપવામાં આવતાં ત્રાસથી ત્રાહિમામ્ પોકારી ગયેલા યુવકો સાઈકિયાટ્રિકના શરણે જઇ રહ્યાં હોવાના કિસ્સાઓ પણ વધી રહ્યાં છે. છેલ્લા બે મહિનામાં જ ૧૨થી વધુ યુવકોએ પત્ની દ્વારા આપવામાં આવતાં ત્રાસથી કંટાળી માનસિક હાલત પરનો કાબૂ ગુમાવતાં તેમને સાઈકિયાટ્રિકની સારવાર લેવી પડી છે અને હવે આ તમામ યુવકો એકત્રિત થઇ સામુહિક રીતે પત્ની દ્વારા થઇ રહેલા અન્યાય સામે લડવાની તૈયારી કરી રહ્યાં છે.

લગ્નજીવન ભાંગવાના મોટા ભાગના યુવકો ડિપ્રેશનનો ભોગ બની જતાં હોય છે. અને તે પૈકીના કેટલાક યુવકો એકલતાના કારણે દારૂ અથવા તો સ્મોકિંગ જેવી લતે પણ ચડી જાય છે. લગ્ન બાદ સયુંક્ત કુટુંબમાં રહેવા ન માંગતી તેમજ માતા-પિતાને સાથે રાખવા ન માંગતી મહિલાઓ તેમની વાતનો સ્વિકાર ન થતાં પતિનું વાતવાતમાં અપમાન કરતી હોવાનું તેમજ જાહેરમાં પતિને ઉતારી પાડત હોવાના કારણે મોટાભાગના યુવકો ડિપ્રેશનનો ભોગ બને છે.

કેટલાક કિસ્સામાં પતિ-પત્ની બન્ને કમાતાં હતાં અને તેમાં પત્ની ઘરમાં માત્ર તેનો હુકમ જ ચાલવો જોઈએ તેવી દુરાગ્રહ રાખીને નાનીનાની વાતમાં પણ પતિનું અપમાન કરી નાંખે છે; તો ખર્ચની બાબતમાં પણ પત્નીની મંજૂરી માંગવી પડતી હોવાના કારણે કેટલાક યુવકો તેમના

## 12 પતિ એકઠા થઇ પત્નીની ખોટી ફરિયાદો સામે લડી લેવાના મૂડમાં

અસ્તિત્વ ખતમ થઈ ગયું હોવાની હીન લાગણી અનુભવતાં હોવાનું જણાયું હતું.

સૌથી પહેલાં તો યુવકોને ડિપ્રેશનમાંથી બહાર લાવવાની જરૂર હોય છે અને ત્યાર બાદ તેને ખોટાની સામે લડવાનો આત્મવિશ્વાસ કેળવવા માટે જરૂરી કાઉન્સિલિંગ પણ કરવું પડે છે. જો તેમને યોગ્ય સારવાર આપવામાં ન આવે તો મામલો આત્મ હત્યા સુધી પણ પહોંચી શકવાની સંભાવના હોય છે. ડિપ્રેશનમાં વ્યક્તિ ક્યાં તો આધ્યાત્મિકતા તરફ વળે છે. અથવા તો તે આડા રસ્તે ચડી જાય. તે બાબત ખૂબ જ ગંભીર છે.

**છેલ્લા કેટલાક સમયથી પત્ની દ્વારા આપવામાં આવતા ત્રાસથી ત્રાહિમામ્ પોકારી ગયેલા યુવકો સાઇકિયાટ્રિસ્ટના શરણે જઇ રહ્યા હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે**

**હાઇ સોસાયટીનાં દંપતીઓમાં નજીવી બાબતે દરારના કિસ્સા વધુ જોવા મળે છે**

છેલ્લા બે મહિનામાં પત્ની દ્વારા આપવામાં આવતાં ત્રાસથી માનસિક હાલત ગુમાવી ચૂકેલા અથવા તો પછી પત્ની દ્વારા નોંધાવવામાં આવેલી ખોટી ડોમેસ્ટિક વાયોલેન્સની ફરિયાદથી ગભરાઇ ગયેલા ૧૨થી વધુ યુવકો તેમની પાસે સારવાર માટે આવ્યાં હતા અને આ તમામ યુવકો હાઇસોસાયટીના હતા. મોટાભાગના યુવકો તેઓને કાનુની સહાય મળવાની શક્યતાં ખૂબ જ ઓછી હોવાના કારણે તેમજ સમાજમાં બદનામી થવાના ડરથી વધુ ગભરાટ અનુભવતાં હોય છે. પત્ની દ્વારા વિવિધ પ્રકારના ત્રાસ આપવામાં આવે છે અને તે ત્રાસના કારણે તેનો ભોગ બનેલા યુવકોમાં તેની અસર અલગ અલગ થતી હોય છે. આવી વ્યક્તિઓ માનસિક સ્તરે અત્યંત કથળી જતી હોવાથી તેઓને તાત્કાલિક સારવાર મળે તે જરૂરી બને છે.

ડો. યોગેશ પટેલ, મનોચિકિત્સ

દિવ્ય ભાસ્કર
વડોદરા | શુક્રવાર | ૨૦ ઓગસ્ટ, ૨૦૧૦
DB ગોલ્ડ

ચર્ચાના ચકડોળે

રોગચાળાનો રાફડો : ...
શહેરીજનો માથે રોગ...
મલેરિયા, કમળો, ડે...
સમયસર નહીં કરવા...

## જમાઇ માટે સાસરિયાં યમદૂત બન્યાં હોવાનો કરુણાજનક કિસ્સો પોલીસ ચોપડે ચડ્યો

**માસૂમ કાવ્યા માટે હવે, પિતા એટલે માત્ર છબી...**

**'પત્ની સહિતના સાસરિયાં ત્રાસ આપતાં હોવાથી ઘર છોડીને હોટલમાં રહું છું' અંતિમ ચીઠ્ઠીમાં વ્યથા ઠાલવી**

પત્નીએ સ્ત્રી અત્યાચાર અંગેની ફરિયાદ નોંધાવતાં વ્યથિત બનેલાં દિનેશ હેલૈયાએ ઝેર ઘોળી લેતાં કરુણ મોત

**પત્ની ઉપરાંત વગદાર સસરા, સાસુ, સાળી અને સાઢુ સામે આપઘાતની દૂષ્પ્રેરણા આપી હોવા અંગેની ફરિયાદ નોંધાવાઇ**



દીકરી કાવ્યાના સ્મિત પર ખુશખુશાલ થતાં દિનેશ હેલૈયાની આ તસવીર હવે, પરિવારને હર્ષ નહીં આપી શકે.

**દિનેશે લખેલી ચિઠ્ઠીમાં પાને પાને અસહ્ય દર્દ ટપકે છે**



# પત્નીનો અત્યાચાર પતિના પ્રાણ હરી ગયો

ડીબી ગોલ્ડ. વડોદરા

જમાઇને દસમો ગ્રહ ગણવામાં આવે છે પરંતુ સાસરિયાંના ત્રાસથી જમાઇના જીવતરનો અંત આવે તેવા કિસ્સા જવલ્લે જ જોવા મળતાં હોય છે. એવી જ એક કરુણ ઘટના સયાજીગંજ પોલીસના ચોપડે ચડી છે. જેમાં વિષપાન કરતાં મૃત્યુ પામેલા શખ્સની અંતિમચિઠ્ઠીના આધારે પત્ની સહિતના સાસરિયા સામે આત્મહત્યાની દૂષ્પ્રેરણા આપવા અંગેની ફરિયાદ નોંધાવાઈ છે.

અલકાપુરી વિસ્તારના વૃંદાવન રેસિડન્સીમાં રહેતાં અને અમદાવાદની જ્હોનસન એન્ડ જ્હોનસન કંપનીમાં આસી. મેનેજર તરીકે ફરજ બજાવતાં ૩૩ વર્ષીય દિનેશભાઈ કાનજીભાઈ હેલૈયાના લગ્ન વર્ષ ૨૦૦૨માં મનીષા મધુભાઇ ભોજ સાથે થયા હતાં. દાંમ્પત્ય જીવનની ફૂળશ્રુતી રૂપે તેઓને થયેલી દીકરી કાવ્યા હાલ બે વર્ષની છે.

લગ્નના ટૂંકાગાળામાં જ દંપતિ વચ્ચે ક્લેશ શરૂ થઇ ગયો હતો. તેમાંય વગદાર અને માલેતુજાર સસરાં સહિતના સાસરિયાંએ જમાઇ પર ત્રાસ ગુજારવાનો શરૂ કરી દીધો હતો. પોતાના પરિવારજનો સાથે સંબંધ કાપી નાંખી માત્ર સાસરિયા કહે તેમ વર્તવા માટે દિનેશ તૈયાર ન થતાં, તેની સામે દહેજની માગણી અને સ્ત્રી અત્યાચાર અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

તો બીજી તરફ ઘરના કંકાશ અને સાસરિયાના ત્રાસથી હોટલમાં જઇને રહેતાં દિનેશે પોતાની સામે પત્નીએ ફરિયાદ નોંધાવતાં વ્યથિત થઇને મંગળવારે રાતે વિષપાન કરી લીધું હતું. તેમને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં પરંતુ સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. જોકે, સારવાર દરમિયાન હોસ્પિટલની નર્સને દિનેશના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી આવી હતી.

નર્સે ચિઠ્ઠી આપતાં જ દિનેશના મોટાભાંઇ મૂકેશભાઇ હેલૈયા અકળાઇ ઉઠ્યાં હતાં. અંગ્રેજીમાં લખેલી અંતિમચિઠ્ઠીમાં દિનેશ દર્દભર્યા દામ્પત્યજીવન વિશે લખ્યું હતું. દિનેશભાઈને તેમની પત્ની મનીષા તેમજ સૂરત ઘોડાસર રોડ પર રહેતાં સસરા મધુભાઈ ભોજ, સાસુ દેવુબહેન, મોટી સાળી નૈના મેહુલ મુંધવા અને સાઢુભાઈ મેહુલે જ આપઘાતની દૂષ્પ્રેરણા આપી હોવાની મૂકેશભાઈએ સયાજીગંજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### પત્નીએ પતિને કાઢી મૂક્યો

અંતિમચિઠ્ઠીમાં દિનેશભાઈએ ઘટસ્ફોટ કર્યો હતો કે ગત ૧૭મી તારીખની રાતે તે ઘરે જતાં ઘરમાં હાજર તેમની પત્ની તેમજ સાળી અને સાઢુભાઈએ તેમને ઘરમાં પણ જવા દીધા નહોંતો. તેઓએ તેમની સાથે ઝઘડો કર્યો હતો અને ઘરમાંથી કાઢી મૂક્યા હતા જેને કારણે તેમને નાછુટકે હોટલમાં રહેવા જવું પડ્યું હતુ. ઉલ્લેખનીય છે કે દિનેશભાઈની પત્નીએ પોલીસ ફરિયાદમાં એવો ઉલ્લેખ કર્યો હતો કે તેમના પતિએ ૧૭મી તારીખની રાતે ઘરે આવી ઝઘડો કર્યો હતો અને તેમને તેમજ તેમની મોટી બહેનને લાફા માર્યા હતા.

### 'મિલકત કાવ્યાના નામે કરજો'

દિનેશભાઈને તેમના પરિવારજનો સાથે સંબંધ કાપી નાખવાનું જણાવી તેમની મરજી મુજબનું જીવન જીવવા માટે તેમના પર માનસિક ત્રાસ આપતા હતા. અને મિલકતો તેમની પત્ની મનીષાના નામે કરી દેવા માટે દબાણ કરતાં હતા. તેથી દિનેશભાઈએ અંતિમ ચિઠ્ઠીમાં તેમની તમામ મિલકત તેમની બે વર્ષીય પુત્રી કાવ્યાના નામે કરવાની ઈચ્છા જણાવી હતી.

### અંતિમયાત્રામાં પત્ની કે સાસારિયાં ના જોઇએ

દિનેશભાઇએ મરતાં પૂર્વે લખેલા પત્રમાં પાને પાને દર્દ ટપકે છે. એક ભણેલા ગણેલા વ્યક્તિને પોતાના પરિવાર સાથે સુખ પૂર્વક જીવવામાં પડતી તકલીફો જિંદગીનો અંત લાવવા સુધી દોરી જાય તેની પાછળ કેટલો ત્રાસ અને પીડા નિમીત્ત બની હશે તેનો અંદાજ મરણોન્મુખ યુવકે લખેલા પત્રના શબ્દોમાં ઘરબાયેલો છે.શું લખ્યું છે દિનેશભાઇએ તેની ઝલક જ તેમના મૃત્યુના કારણને ઉજાગર કરી દે છે.

- મારી પત્નીએ મને જીવનમાં તમામ પ્રકારનું દુ:ખ આપ્યું છે. તેને મારાં સાસરિયાં રોજ ૧૫ ફોન કરતાં હતાં. મારા મોબાઇલનો રેકર્ડ ચકાશી જોજો.
- અમારા તરફથી લગ્ન બાદ અનેક સમાધાનો થવા છતાં મારા પત્નીએ મારી જિંદગી નર્ક જેવી બનાવી દીધી છે.
- મારી એક સાળીનો વર ઘર જમાઇ છે જ્યારે બીજી સાળી લગ્ન થવા છતાં ત્રણ વર્ષથી મારી સાસરીમાં જ રહે છે.
- મારી પ્રોપર્ટીમાંથી પત્ની અને તેના ફેમિલીને કાંઇ ન આપશો.
- મારી પત્ની કે ભોજ ફેમિલી પૈકીના કોઇ પણ વ્યક્તિને મારી અંતિમક્રિયામાં ભાગ લેવા દેશો નહિ.
- છેલ્લા ૨૫ દિવસથી હું મારા ઘરેથી નિકળીને બહાર રહું છું. કારણ કે મારા સાસરિયાંએ મને ખૂબ હેરાન કર્યો છે.

13th/4/10



# ઘરેલુ હિંસાથી બચવા શું કરી શકે મહિલા?



{ ડો. અમી યાજ્ઞિક } ધારાશાસ્ત્રી

**મહિલાઓ** પર થતી ઘરેલુ હિંસા એ તેઓની સલામતી, આત્મસન્માન અને હિંસામુક્ત જીવન જીવવા માટેના અધિકારોની અવગણના છે. આ પ્રકારની હિંસાની સ્ત્રીઓ પર શારીરિક અને માનસિક અસરો પડે છે જેના કારણે મહિલાનો આત્મવિશ્વાસ ડગી જાય છે. આવી પરિસ્થિતિમાં તેને કોઇના પર વિશ્વાસ રહેતો નથી અને આ હિંસા સામે લડવાની પણ હિંમત રહેતી નથી. આવા સંજોગોમાં જો તેને એક સરળ અને સહાનુભૂતિ આપતું વાતાવરણ મળે, જ્યાં તે વિના સંકોચે ફરિયાદ કરી શકે તો તે છે ઘરેલુ હિંસાના કાયદાએ આપેલી વ્યવસ્થા.

રક્ષણ અધિકારી પાસે ફરિયાદ કરવાથી મહિલાને તાત્કાલિક રાહત મળે છે કારણ કે રક્ષણ અધિકારી મહિલાની ફરિયાદ લઇ જેને 'ડોમેસ્ટિક ઇન્ફર્મેશન રીપોર્ટ' કહેવામાં આવે છે તેને તે વિસ્તારના હકુમત ધરાવતા પ્રથમ વર્ગના જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટ પાસે મોકલે છે. એ રીપોર્ટના આધારે મેજિસ્ટ્રેટ ભોગ બનનાર મહિલાને જરૂરિયાત હોય તો તબીબી સહાય માટે રાજ્ય સરકારે નિયુક્ત કરેલ તબીબી સેવા આપનાર એજન્સી પાસે મોકલી આપે છે અથવા તેવી મહિલાને આશ્રયગૃહમાં મોકલી આપે છે. તબીબી સેવા આપનાર એજન્સીએ ઘરેલુ હિંસાનો ભોગ બનનાર મહિલાને સારવાર આપવી પડે અને તબીબી તપાસનો રીપોર્ટ મેજિસ્ટ્રેટને મોકલવો પડે. આ રીપોર્ટની નકલ ભોગ બનનાર મહિલાને પણ વિના મૂલ્યે આપવી પડે.

આશ્રયગૃહમાં જો મહિલાને મોકલવામાં આવે તો આશ્રયગૃહે તેને પોતાના આશ્રયમાં લઇ લેવી પડે અને ભોગ બનનાર મહિલા ન ઇચ્છે તો આશ્રયગૃહ ભોગ બનનાર મહિલાની ઓળખ પ્રગટ કરી શકે નહીં અથવા જેની સામે ફરિયાદ કરી છે તેવી વ્યક્તિને જાણ કરી શકે નહીં. અહીં એ જાણવું જરૂરી છે કે ઘરેલુ હિંસાનો ભોગ

આશ્રય આપવા ઇનકાર કરી શકે નહીં.

આ કાયદામાં મહત્વની વાત તો એ છે કે જો ભોગ બનનાર મહિલા રક્ષણ અધિકારી પાસે ન જઇ શકે તો જો તે મહિલા કામચલાઉ ધોરણે જ્યાં રહેતી હોય અથવા ઘરેલુ હિંસા કરનાર વ્યક્તિ જ્યાં રહેતાં હોય તે વિસ્તારના ફોજદારી અધિનિયમ હેઠળ હકુમત ધરાવતા જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ પણ સીધી ફરિયાદ કરી શકે છે. આ કાયદા હેઠળ ફરિયાદ થયા પછી મેજિસ્ટ્રેટ રક્ષણ અધિકારી તથા સેવા પૂરી પાડનાર સંસ્થાની મદદ લઇ અને મહિલાને તેના હિતનાં રક્ષણ માટે કાર્યવાહી કરી શકે છે.

સેવા આપનાર સંસ્થા એટલે કે 'સર્વિસ પ્રોવાઇડર' જેને આ કાયદા હેઠળ એક ખાસ ભૂમિકા ભજવવાની રહે છે. આ કાયદા હેઠળ સેવા આપનાર સંસ્થા સરકાર માન્ય હોવી જોઇએ અને સેવા પૂરી પાડતી સંસ્થાએ ભોગ બનનાર મહિલાને તબીબી સારવાર માટે પણ લઇ જવી પડે અને કાનૂની સહાય માટે પણ વ્યવસ્થામાં મદદરૂપ થવું પડે. ખાસ કરીને આ સંસ્થાએ મહિલાને સલાહકાર એટલે કે કાઉન્સેલર પાસે મોકલી અને ઘરેલુ હિંસા ન થાય અને મહિલા અને તેના ઉપર હિંસા આચરતી વ્યક્તિ વચ્ચે સમાધાન માટે પ્રયત્ન કરે.

આમ, આ આખો કાયદો સમાધાનલક્ષી છે. કાયદાનો ઉદ્દેશ કુટુંબ સાચવવાનો છે અને સાથે સાથે મહિલાના અધિકારના રક્ષણ માટે છે. આમ જુઓ તો આખા કાયદામાં પોલીસની ભૂમિકા નહીંવત જેવી છે. જ્યારે પણ મહિલા રક્ષણ અધિકારી અથવા મેજિસ્ટ્રેટ સમક્ષ ફરિયાદ કરે ત્યારે ફરિયાદની નકલ હકુમત ધરાવતા પોલીસ સ્ટેશનને મોકલવાની રહે છે.

મહત્વનું કામ તો સેવા આપનાર સંસ્થા અને રક્ષણ અધિકારીનું જ છે. આ કાયદા હેઠળ રક્ષણ અધિકારી મહિલા હોય તેવો આગ્રહ રાખવામાં આવે છે અને સેવા પૂરી પાડનાર સંસ્થામાં મોટા ભાગે મહિલાઓ જ

**વુમન અધિકાર**

## શું થઇ શકે?

ઘરેલુ હિંસાનો ભોગ બનનારી મહિલા રક્ષણ અધિકારી પાસે રીપોર્ટ લખાવી શકે છે. એ રીપોર્ટના આધારે એ તબીબી સેવા આપનાર એજન્સીમાં અને ઇચ્છે તો આશ્રયગૃહમાં આશ્રય મેળવી શકે છે.

